**સમય સંદેશ**
પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
**સમય સંદેશ કાર્યાલય**
૩૫૭-ઈ ત્રીજો માળ, ઈન્દ્રપ્રસ્થ,
પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

જેઠ સુદ - ૦૩ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**
મૂળ વગરના વૃક્ષ ને વિશ્વાસ વગર ના સબંધ, વધુ સમય ટકતા નથી!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૧૯૭ ● તારીખઃ ૧૭.૦૬.૨૦૨૬, બુધવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG
E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

## વેસ્ટ એશિયાના તણાવની અસરઃ એટીએસ અને મરીન ટાસ્ક ફોર્સ દ્વારા જામનગરની દરિયાઈ સરહદો પર લોખંડી બંદોબસ્ત



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

દેશની આંતરિક અને બાહ્ય સુરક્ષા માટે દરિયાઈ સરહદોનું મહત્વ સતત વધી રહ્યું છે. ખાસ કરીને ગુજરાત જેવા લાંબા દરિયા કિનારા ધરાવતા રાજ્યમાં દરિયાઈ સુરક્ષા માત્ર કાયદો અને વ્યવસ્થાનો મુદ્દો નથી, પરંતુ તે સીધી રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંકળાયેલો વિષય છે. હાલના સમયમાં વેસ્ટ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવપૂર્ણ સંબંધો અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉભી થયેલી ભૂરાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને દેશની સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક બની છે. આવા સંજોગોમાં દરિયાઈ માર્ગોનો ઉપયોગ કરીને ગેરકાયદેસર પ્રવૃતિઓ, આતંકવાદી ઘૂસણખોરી, હથિયારોની હેરાફેરી, નસીલા પદાર્થોના વેપાર અથવા દેશ વિરોધી પ્રવૃત્તિઓ થવાની સંભાવનાઓને નકારી શકાય તેમ નથી. આજ કારણસર ગુજરાતના સંવેદનશીલ દરિયાકાંઠા વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા ને વધુ મજબૂત બનાવવા માટે મરીન ટાસ્ક ફોર્સ અને અન્ય સુરક્ષા એજન્સીઓ દ્વારા સતત પેટ્રોલિંગ અને ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

સુરક્ષા નિષ્ણાંતોના મતે જ્યારે કોઈ આતંકવાદી ઘટના બને છે ત્યારે તે સમયગાળો નિ:સંદેહ કટોકટી પૂર્ણ અને અત્યંત સંવેદનશીલ હોય છે. આવી ઘટનાના તુરંત બાદ સમગ્ર સુરક્ષા તંત્ર હાઈ એલર્ટ પર મૂકવામાં આવે છે. એરપોર્ટ, રેલવે સ્ટેશન, બંદરો, ધાર્મિક સ્થળો અને મહત્વના સરકારી સ્થાપનો પર વિશેષ સુરક્ષા ગોઠવવામાં આવે છે. પરંતુ સુરક્ષા તંત્રના અનુભવો દર્શાવે છે કે સૌથી વધુ સાવધાની રાખવાની જરૂર તે સમયગાળામાં હોય છે જ્યારે પરિસ્થિતિ સામાન્ય દેખાતી હોય. ઘણી વખત આતંકવાદી અને દેશ વિરોધી તત્વો સુરક્ષા તંત્રની સતર્કતા ઘટે તેની રાહ જોતા હોય છે. તેથી હાઈ એલર્ટ બાદની સામાન્ય સ્થિતિ દરમિયાન પણ સતત પેટ્રોલિંગ અને દેખરેખ જાળવવી અત્યંત જરૂરી બની જાય છે.

આજ અભિગમને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય સલામતી, જાહેર વ્યવસ્થા અને દરિયાઈ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે જામનગર જિલ્લાના વિવિધ દરિયાકાંઠા વિસ્તારોમાં મરીન ટાસ્ક ફોર્સ દ્વારા વિશેષ ''સઘન પોસ્ટલ પેટ્રોલિંગ'' અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૧૬ જૂન ૨૦૨૬ ના રોજ હાથ ધરવામાં આવેલ આ વિશેષ ઓપરેશનનો મુખ્ય હેતુ દરિયાઈ માર્ગોના ઉપયોગ કરીને કોઈ પણ પ્રકારની રાષ્ટ્રીય વિરોધી, ગેરકાયદેસર, અસામાજિક, આતંકવાદી અથવા દેશદ્રોહી પ્રવૃત્તિઓને અટકાવવાનો હતો.

જામનગર જિલ્લો ગુજરાતના મહત્વપૂર્ણ કોસ્ટલ જિલ્લાઓમાંનો એક છે. અહીં આવેલા બંદર, ઉદ્યોગો, ઓઈલ ટર્મિનલ, મરીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વ્યુહાત્મક રીતે મહત્વ ધરાવતા વિસ્તારોને કારણે સુરક્ષા એજન્સીઓ માટે આ વિસ્તાર સતત પ્રાથમિકતા ધરાવે છે. જામનગરનો દરિયો કાઠો માત્ર માછીમારી માટે જ નહીં પરંતુ ઔદ્યોગિક અને વેપારી દષ્ટિએ પણ મહત્વનો ગણાય છે. તેથી અહીં સુરક્ષામાં કોઈ પણ પ્રકારની ચુક ગંભીર પરિણામો લાવી શકે છે.

એન્ટી ટેરેરિસ્ટ કોડ (અઝજ) અને કોસ્ટલ સિક્યુરિટીના અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્મા ના માર્ગદર્શન હેઠળ તેમજ દરિયાઈ સુરક્ષા અને મરીને ટાસ્ક ફોર્સના નાયબ પોલીસ મહાનિરીક્ષક એ. એમ. મુનિયા તથા મરીન ટાસ્ક ફોર્સ, હજીરાના પોલીસ અધિક્ષક એસ.જે. પરમાર ના નેતૃત્વ હેઠળ આ વિશેષ કોસ્ટલ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ મરીન ટાસ્ક ફોર્સ, જામનગર સેક્ટરના પોલીસ ઈન્સ્પેક્ટર ધરમવીર આર.યાદવ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર જી એમ. બોપલિયા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી એચ. જાડેજા સહિત મરીન કમાન્ડોની ટીમોએ સંયુકત રીતે સમગ્ર ઓપરેશનનું આયોજન કર્યું હતું.

આ વિશેષ પેટ્રોલિંગ દરમિયાન જામનગર જિલ્લાના જોડીયા, બાલાચડી, સચાણા જેટી તેમજ આસપાસના સમગ્ર કોસ્ટલ વિસ્તારમાં પગપાળા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. સામાન્ય રીતે દરિયાઈ સુરક્ષા માટે બોટ પેટ્રોલિંગ, વાહનો અને ટેકનિકલ સર્વેલેન્સનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ આ વખતે ફૂટ પેટ્રોલિંગ દ્વારા દરિયાકાંઠાના સંવેદનશીલ વિસ્તારોની નજીકથી ચકાસણી કરવામાં આવી હતી.

મરીન કમાન્ડોની અલગ-અલગ ટીમો બનાવી વિવિધ વિસ્તારોમાં મોકલવામાં આવી હતી. દરેક ટીમને ચોક્કસ વિસ્તારની જવાબદારી સોંપવામાં આવી હતી. પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ વ્યક્તિઓ, અજાણી હિલચાલ, શંકાસ્પદ બોટો અને દરિયાઈ માર્ગોથી થતી પ્રવૃતિઓ પર ખાસ નજર રાખવામાં આવી હતી. સુરક્ષા દ્રષ્ટિએ સંવેદનશીલ ગણાતા ફિશ લેન્ડિંગ પોઈન્ટ, ફિસિંગ સેન્ટર અને અન્ય સ્થળોની પણ ચકાસણી કરવામાં આવી હતી.

દરિયાકાંઠાના વિસ્તારોમાં ઘણી વખત ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે માછીમારીની બોટો અથવા નાના જહાજોનો ઉપયોગ થતો હોવાના બનાવો સામે આવ્યા છે. ભૂતકાળમાં દેશના કેટલાક ભાગોમાં આતંકવાદી તત્વો એ પણ દરિયાઈ માર્ગોનો ઉપયોગ કર્યો હોવાના ઉદાહરણો છે. તેથી દરિયાઈ સુરક્ષા તંત્ર માટે દરેક બોટ, દરેક વ્યક્તિ અને દરેક હિલચાલ પર નજર રાખવી અત્યંત જરૂરી બની જાય છે.

પેટ્રોલિંગ દરમિયાન વિવિધ માછીમારી વસાહતો અને ફિશિંગ સેન્ટરોમાં પણ મુલાકાત લેવામાં આવી હતી. માછીમારો સાથે સીધી વાતચીત કરીને તેમને દરિયાઈ સુરક્ષા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. કોઈપણ અજાણી બોટ, અજાણ્યા વ્યક્તિ અથવા શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવાની અપીલ કરવામાં આવી હતી. સુરક્ષા એજન્સીઓનું માનવું છે કે સ્થાનિક માછીમારો દરિયાકાંઠાની આંખ અને કાન સમાન હોય છે. તેઓ સૌથી પહેલા કોઈ અસામાન્ય હીચાલ જોઈ શકે છે અને સમયસર માહિતી આપી શકે છે.

મરીને ટાસ્ક ફોર્સની ટીમોએ વાઈટલ એરિયા તરીકે ઓળખાતા મહત્વપૂર્ણ સ્થળોની પણ વિશેષ તપાસ કરી હતી. આવા વિસ્તારોમાં ઔદ્યોગિક સ્થાપનો, જેટી, બંદરો, તેલ સંગ્રહ કેન્દ્રો અને અન્ય મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે. આ સ્થળોએ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી અને જરૂરિયાત મુજબ સૂચનાઓ આપવામાં આવી હતી

અવાવરૂ અને નિર્જન સ્થળો પણ ચકાસણીનો મહત્વપૂર્ણ ભાગ રહ્યા હતા. ઘણી વખત ગેરકાયદેસર પ્રવૃતિઓ માટે આવા સ્થળોનો ઉપયોગ થતો હોય છે. જેથી મરીન કમાન્ડો દ્વારા દરિયાકાંઠાના અંતરિયાળ અને ઓછી અવર-જવર ધરાવતા વિસ્તારોમાં પણ સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

સુરક્ષા નિષ્ણાંતો માને છે કે માત્ર કોઈ ઘટના બન્યા બાદ કાર્યવાહી કરવી પૂરતી નથી. ઘટનાને બનતી અટકાવવી એ સુરક્ષા તંત્રની સૌથી મોટી સફળતા ગણાય છે. આજ કારણસર મરીન ટાસ્ક ફોર્સ દ્વારા સતત પ્રોએક્ટિવ અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે. દરિયાઈ સુરક્ષામાં ક્ષેત્રમાં''પ્રિવેન્શન ઈસ બેટર ધેન કયોર''નો સિદ્ધાંત અત્ય મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

ગુજરાતનો દરિયો કાંઠો લગભગ ૧૬૦૦ કિલોમીટર જેટલો લાંબો છે અને તેમાં જામનગર જિલ્લો વ્યુહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. જેથી સુરક્ષા વ્યવસ્થા હંમેશા

અનુ પાના નં.૨ પર

## G-7માં PM મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પની થઈ મુલાકાત



**સમય સંદેશઃ ડેસ્ક**

આંતરરાષ્ટ્રીય જીઓ પોલિટિક્સના દ્રષ્ટિકોણથી ફ્રાન્સથી એક બહુ મોટા સમાચાર સામે આવી રહ્યા છે. વિશ્વના શક્તિશાળી દેશોના સંગઠન G7 Summit ની બેઠકમાં ભાગ લેવા માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફ્રાન્સના ખૂબ જ સુંદર એવા એવિયન શહેરમાં પહોંચ્યા છે. અહીં સમિટના મુખ્ય હોલમાં બંને નેતાઓ આશરે ૧૬ મહિનાના લાંબા સમયગાળા બાદ એકબીજાને રૂબરૂ મળ્યા હતા.

જ્યારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ મીટિંગ હોલમાં પોતાની સીટ પર બેઠા હતા, ત્યારે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્યાં આવી પહોંચ્યા હતા. આ દરમિયાન બંને નેતાઓએ અત્યંત ગરમજોશીથી એકબીજા સાથે હાથ મિલાવ્યા હતા. સમિટની સત્તાવાર કાર્યવાહી શરૂ થાય તે પહેલાં બંને નેતાઓ વચ્ચે આશરે ૫૦ સેકન્ડ સુધી હસતા મુખે વાતચીત થઈ હતી, જેને આંતરરાષ્ટ્રીય મીડિયામાં ખૂબ જ સૌહાર્દપૂર્ણ અને મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની યજમાનીમાં યોજાઈ રહેલી આ સમિટમાં વૈશ્વિક નેતાઓની મુખ્ય ચર્ચા શરૂ થાય તે પહેલાં, મેક્રોને સમિટ સ્થળ પર પીએમ મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચેની આ ટૂંકી મુલાકાત એટલા માટે ચર્ચાના કેન્દ્રમાં છે કારણ કે તાજેતરના દિવસોમાં હોર્મુઝ સ્ટ્રેટમાં બનેલી એક ગંભીર સૈન્ય ઘટનાને કારણે ભારત અને અમેરિકાના સંબંધોમાં તાત્કાલિક તણાવ પેદા થયો હતો. હોર્મોઝ ક્ષેત્રમાં અમેરિકી નૌસેના દ્વારા કરવામાં આવેલા એક સૈન્ય ઓપરેશન અને હુમલામાં ૩ નિર્દોષ ભારતીય નાગરિકોના મોત થયા હતા. આ દુર્ઘટના પર ભારત સરકારે નવી દિલ્હીથી અત્યંત તીખી અને આક્રમક પ્રતિક્રિયા આપી હતી. જો કે, અમેરિકી વ્હાઇટ હાઉસ કે વહીવટીતંત્ર દ્વારા આ વિષય પર કોઈ ખાસ સત્તાવાર ખેદ કે નિવેદન જારી કરવામાં આવ્યું ન હતું. તેના બદલે, અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ વિવાદાસ્પદ નિવેદન આપતા કહ્યું હતું કે, હોર્મોઝના આંતરરાષ્ટ્રીય સમુદ્રી માર્ગ પરથી પસાર થનારા તમામ દેશોના જહાજોએ અમેરિકી નેવીના સુરક્ષા

અનુ પાના નં.૨ પર

## TET પરીક્ષામાંથી મુક્તિની માંગ સાથે રાજ્યભરના શિક્ષકોના આજથી વ્યાપી ધરણાં

### સુપ્રીમ કોર્ટના નિર્ણયથી ૧ લાખ શિક્ષકોની નોકરી પર સંકટઃ ૨૦૨૮ સુધીની મુદતઃ ૨૦૧૦ પહેલાં નિયમ જ નહોતોઃ સરકાર માનવતાવાદી અભિગમ અપનાવે તેવી માંગ

**સમય સંદેશઃ ગાંધીનગર**


રાજ્યમાં ખેડૂતોના આંદોલન બાદ હવે શિક્ષકો પણ પોતાના હક્ક માટે રસ્તા પર ઉતરી આવ્યા છે. વર્ષ ૨૦૧૦ પહેલાં ભરતી થયેલા શિક્ષકોને TET (શિક્ષક પાત્રતા પરીક્ષા)માંથી મુક્તિ આપવાની માંગ સાથે વિવિધ શિક્ષક સંગઠનો દ્વારા રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શનો શરૂ કરવામાં આવ્યા છે. શિક્ષક સંગઠનોના જણાવ્યા અનુસાર, આજથી શરૂ કરીને આગામી ૨૦ જૂન સુધી રાજ્યના તમામ જિલ્લાઓમાં તબક્કાવાર ધરણાંના કાર્યક્રમો યોજવામાં આવશે. આ વિરોધ પ્રદર્શન દરમિયાન અલગ-અલગ તારીખે જિલ્લા કલેક્ટરોને આવેદનપત્ર પાઠવી સરકાર સમક્ષ પોતાની માંગણીઓ રજૂ કરાશે. આ મુદ્દે સરકાર પર દબાણ વધારવા માટે શિક્ષક સંઘ અને શૈક્ષિક સંઘ બંને પોતાના સ્તરે અલગ-અલગ આક્રમક કાર્યક્રમો આપશે.

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે દેશના તમામ શિક્ષકો માટે શિક્ષક પાત્રતા પરીક્ષા (TET) પાસ કરવી ફરજિયાત હોવાનો ઐતિહાસિક નિર્ણય આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતના આ નિર્ણયના પગલે ગુજરાતમાં વર્ષ ૨૦૧૦ પહેલાં નિયુક્ત થયેલા અંદાજે એક લાખ જેટલા સિનિયર શિક્ષકો સામે પોતાની નોકરી જાળવી રાખવા માટે મોટી કટોકટી અને પડકાર ઊભો થયો છે. મળતી માહિતી મુજબ, આ શિક્ષકોને વર્ષ ૨૦૨૮ પહેલાં કોઈપણ ભોગે TET પરીક્ષા પાસ કરી લેવા માટે નિર્દેશ આપવામાં આવ્યા છે, જેના કારણે શિક્ષક

અનુ પાના નં.૨ પર

## દ્વારકા ગોમતી ઘાટ પર વૃદ્ધ ડૂબ્યા, વીડિયો વાઈરલ

### સ્થાનિકોએ માંડ-માંડ બચાવ્યા, દરિયામાં કરંટ વધતા તંત્ર એલર્ટ, નાહવા-સેલ્ફી લેવા પર પ્રતિબંધ



**સમય સંદેશઃ દ્વારકા**

પવિત્ર યાત્રાધામ દ્વારકાના ગોમતી ઘાટ સંગમ સ્થળ પરથી એક ચિંતાજનક વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાઈરલ થઈ રહ્યો છે. દરિયામાં ભારે કરંટ હોવાને કારણે પાણીના તીવ્ર પ્રવાહમાં એક વૃદ્ધે અચાનક પોતાનું સંતુલન ગુમાવી દીધું હતું અને તેઓ ડૂબવા લાગ્યા હતા. સદનસીબે, ત્યાં હાજર સ્થાનિક નાગરિકોએ અદ્ભુત સમયસૂચકતા અને બહાદુરી વાપરીને ભારે જહેમત બાદ વૃદ્ધને દરિયાના જોખમી મોજામાંથી ખેંચીને બહાર કાઢી લીધા હતા, જેના કારણે તેમનો જીવ આબાદ બચી ગયો હતો. આ ઘટનાનો વીડિયો વાઈરલ થતાં જ પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં જ દેવભૂમિ દ્વારકાનું સ્થાનિક વહીવટી તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું છે. દ્વારકા જિલ્લાના નાયબ પોલીસ અધ્યક્ષ સાગર રાઠોડે યાત્રિકોની સુરક્ષાને સર્વોચ્ચ અગ્રતા આપીને કડક નિર્ણયો લીધા છે. હવેથી સમુદ્રમાં જ્યારે પણ ભરતીની સ્થિતિ હશે, ત્યારે ગોમતી ઘાટ વિસ્તારમાં યાત્રિકોની અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ભરતી દરમિયાન સંગમ ઘાટ પર કોઈને પણ નાહવા માટે દરિયામાં ઉતરવા દેવામાં આવશે નહીં, તેમજ જોખમી મોજા સાથે સેલ્ફી લેવાની પણ સખત મનાઈ ફરમાવવામાં આવી છે. નિયમોના પાલન માટે ઘાટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. દ્વારકા ખાતે હાલ મોટી સંખ્યામાં કૃષ્ણભક્તો દર્શનાર્થે આવી રહ્યા હોવાથી તંત્ર દ્વારા સ્થિતિ પર સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. વહીવટી તંત્ર દ્વારા તમામ યાત્રિકોને નમ્ર અપીલ કરવામાં આવી છે કે તેઓ દરિયા કિનારે જતા પહેલાં પૂરેપૂરી સાવચેતી રાખે અને સુરક્ષા સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરે. ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં પણ ગોમતી નદીમાં સ્નાન કરતી વખતે રાજકોટના બે ભાઈઓ ડૂબ્યા હતા, જેમાં એક ભાઈનો બચાવ થયો હતો જ્યારે ૨૧ વર્ષનો યુવાન લાપતા થયો હતો. આવી જોખમી ઘટનાઓ ફરીથી પુનરાવર્તિત ન થાય તે માટે પ્રવાસીઓએ જાતે જ જાગૃત થવું અનિવાર્ય બન્યું છે.

## જામનગર રેડ ક્રોસ સોસાયટીએ યુવતીનો આક્રોશ

### કન્ડક્ટરની ભરતીમાં ભારે અફડાતફડીઃ ફર્સ્ટએડ સર્ટિફિકેટ માટે ટોળા ઉમટતાં અફરાતફરી, મામલતદારે મામલો થાળે પાડ્યો



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં નેશનલ સ્કૂલની બાજુમાં આવેલી રેડ ક્રોસ સોસાયટી ખાતે આજે વહેલી સવારથી જ ભારે અફરાતફરી અને હોબાળાનો માહોલ જોવા મળ્યો હતો. ગુજરાત એસટી નિગમ દ્વારા બહાર પાડવામાં આવેલી કંડક્ટરની ભરતી પ્રક્રિયામાં 'ફર્સ્ટ એડ' તાલીમ અને તેનું સર્ટિફિકેટ ફરજિયાત હોવાના કારણે, રાજ્યના જુદા-જુદા જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં આશાસ્પદ યુવક-યુવતીઓ અહીં સર્ટિફિકેટ મેળવવા માટે ઉમટી પડ્યા હતા. આ દરમિયાન ભારે ભીડના કારણે અંધાધૂંધી સર્જાઈ હતી અને એક યુવતીએ ત્યાં હાજર યુવકો દ્વારા યુવતીઓ સાથે મારામારી કરાઈ હોવાની ગંભીર ફરિયાદ કરી હતી. ઈજાગ્રસ્ત યુવતીએ રોષે ભરાઈને જણાવ્યું હતું કે, ભીડમાં પગમાં અને સાથળમાં વાગ્યું છે, ત્યારે શું હવે પેટમાં બોયઝને લાત મારવા દઈએ?

મળતી માહિતી મુજબ, રેડ ક્રોસ સોસાયટી ખાતે તાલીમ આપવાની વહીવટી ક્ષમતા ખૂબ જ મર્યાદિત હતી, પરંતુ તેની સામે સર્ટિફિકેટ મેળવવા ઈચ્છતા ઉમેદવારોની સંખ્યા હજારોમાં હતી. સંસ્થા માટે તમામ ઉમેદવારોને એકસાથે પ્રવેશ આપવો અશક્ય બનતા, દૂર-દૂરના ગામડાઓ અને શહેરોથી આવેલા ઘણા યુવાનોને કલાકો સુધી બહાર જ તડકામાં ઊભા રહેવું પડ્યું હતું. સમયસર ફોર્મ સબમિટ ન થવાને કારણે અને કેન્દ્રમાં પ્રવેશ ન મળવાને લીધે રોજગારીની આશાએ આવેલા ઉમેદવારોની ધીરજ ખૂટી હતી. પરિણામે કેન્દ્ર પર થોડીવાર માટે ભારે હોબાળો મચી ગયો હતો અને સ્થિતિ તંગ બની ગઈ હતી.

રેડ ક્રોસ સોસાયટી ખાતે પરિસ્થિતિ વણસતી જોઈને સંસ્થાના સત્તાધીશો દ્વારા તાત્કાલિક વહીવટી તંત્રને જાણ કરવામાં આવી હતી, જેના પગલે સ્થાનિક પોલીસ અને મામલતદાર સહિતના ઉચ્ચ અધિકારીઓનો કાફલો તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગયો હતો. અધિકારીઓએ કેન્દ્ર પર રોષે ભરાયેલા અને ચિંતાતુર ઉમેદવારો સાથે સીધી વાતચીત કરી હતી તેમજ તમામને યોગ્ય વ્યવસ્થાની ખાતરી આપી સમજાવટ પૂર્વક શાંત પાડ્યા હતા. પોલીસની ચુસ્ત હાજરી વચ્ચે વહીવટી તંત્ર દ્વારા ભીડનું યોગ્ય સંચાલન કરવામાં આવતા આખરે કલાકોની ભારે મથામણ બાદ મામલો થાળે પડ્યો હતો.


## તંત્રી સ્થાનેથી..

### દેશનો પ્રાણ ગામડામાં વસે છે !

દેશના પાયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામકાજ માટે આગામી પાંચ વરસ માટે સો લાખ કરોડ રૂપિયાની ફાળવણી સરકારે કરી છે એનાથી બાંધકામ સંબંધિત આનુષંગિક ઉદ્યોગોમાં થોડી તેજી આવશે પરંતુ રિયલ એસ્ટેટ માર્કેટમાં બહુ ફેર નહિ પડે. કેન્દ્ર સરકાર બહુ ઝડપથી સંપત્તિ માટેના ડી-મેટ એકાઉન્ટ દાખલ કરવાની તૈયારીમાં છે. એટલે કે તમારી જે જમીન, મકાન, દુકાન વગેરે સ્થાવર મિલકતો એ ડી-મેટ એકાઉન્ટમાં ન દર્શાવવામાં આવી હોય તેનું વેચાણ કે હસ્તાંતરણ કે વારસાઈ પણ ન થઈ શકે. ઉપરાંત એના પર લોન પણ ન લઈ શકાય. નાયબ મામલતદારો એના દસ્તાવેજ ન કરી આપે. આ ડિ-મેટ એકાઉન્ટને કારણે રિયલ એસ્ટેટમાં 'રિયલ' લોકો જ રહેશે અને રોકાણકારો નાસી જશે. જેમ જેમ ડિ-મેટ એકાઉન્ટની વાત આગળ વધશે તેમ તેમ રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં રોકાયેલા કરોડો રૂપિયા ખાલસા થશે. રાજ્યના મોટા બિલ્ડરો અત્યારે રેરા, જીએસટી અને આવકવેરાના ત્રિપાંખીયા સરકારી મોરચા સામે ઝઝૂમી રહ્યા છે. જેમણે કરોડોની કિંમતના હાઈટેક અને એકસ્ટ્રા લકઝુરિયસ બાંધકામો વેચવા મૂક્યા છે એમના પ્રોજેક્ટ જામ થઈ ગયા છે, કારણ કે ગ્રાહકોને ભાવ ઘટાડાની હજુય પ્રતીક્ષા છે. એનડીએ સરકારે કેન્દ્રમાં એના પહેલા રાઉન્ડથી જ રિયલ એસ્ટેટને આકરી પછડાટ આપવાની શરૂઆત કરી હતી જે હવે મિલકતોના ડિ-મેટ વળાંક સુધી આવી રહી છે. નિર્મલા સીતારામનની વાણીમાં આંકડાઓનું જંગલ નથી હોતું. વાસ્તવિક ખર્ચ, બજેટ અનુમાન અને સંશોધિત અનુમાન જેવા એ આંકડાઓ નથી હોતા જે સાંભળવા માટે નહિ પરંતુ વાંચીને સમજવા માટે હોય છે. સામાન્ય રીતે નાણાં પ્રધાનોનાં ભાષણ આગામી એક વરસને પોતાના ઘેરાવામાં આવરી લેતા હોય છે, પરંતુ સીતારામન એ રેખા ઉલ્લંઘીને આગામી પાંચ અને દસ વરસના વિઝન પર લાંબી લટાર લગાવતાં રહે છે. તેમની પાસે આવનારા વરસનું સ્પષ્ટ વિઝન ન હોય ત્યારે દૂરના ભવિષ્યની વારતાઓ કહે છે. તેઓએ દરેક ગામમાં એક રાહત દરનું રસોડું ખોલ્યું છે. આ 'કાર્યક્રમ' છેલ્લા એક દાયકાથી કોઈ કોલાહલ વિના ચાલે છે. સીતારામનના સ્વપનમાં ગ્રામીણ ભારતનો પત્તો નથી. હા, નલ સે જલ જેવી કેટલીક યોજનાઓ છે, પરંતુ ગ્રામજગતનું દેશના અર્થતંત્ર સાથેનું સીધું લિંકિંગ જે દુનિયાના ઘણા દેશોમાં છે એનો તો હજુ એકડોય ઘૂંટાયો નથી. જોકે શહેરોને સુખાકારીયુક્ત રાખવા એ તો ભાજપની બહુ શરૂઆતથી નીતિ રહી છે. ભાજપના શાસનનો ગુજરાતનો અનુભવ લાંબો છે અને હવે દેશ પણ સુદીર્ઘ અનુભવના પંથે પ્રયાણ કરી રહ્યો છે.



## હાલારના હાલહવાલ



# લોકગાયિકા ગીતાબેન રબારી પહોંચ્યા દ્વારકા ધામ, નાગેશ્વર તથા દ્વારકાધીશના કર્યા દર્શન-વંદન

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાતની જાણીતી લોકગાયિકા ગીતા રબારીએ દેવભૂમિ દ્વારકાની ધાર્મિક મુલાકાત લઈ પવિત્ર યાત્રાધામના દર્શન કર્યા હતા. દ્વારકા આગમન દરમિયાન તેમણે પ્રથમ નાગેશ્વર જ્યોતિર્લિંગ ખાતે ભગવાન શિવના દર્શન કરી પૂજા-અર્ચના કરી હતી. ત્યાર બાદ તેમણે દ્વારકાધીશ મંદિરમાં જઈ ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં શીશ નમાવી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.



ધાર્મિક ભાવના સાથે દ્વારકા પહોંચેલા ગીતાબેન રબારીએ મંદિર પરંપરા મુજબ વિધિવત પૂજન કર્યું હતું. તેમણે ભગવાનને પ્રાર્થના કરી પોતાના સંગીત ક્ષેત્રમાં સતત પ્રગતિ, આગામી કાર્યક્રમો અને સૌના સુખ-શાંતિ માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી. ગીતાબેન રબારીના દ્વારકા આગમનની જાણ થતાં જ તેમના ચાહકો અને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મંદિર પરિસરમાં ઉપસ્થિત લોકોએ તેમની સાથે મુલાકાત કરી શુભેચ્છાઓ પાઠવી હતી. લોકપ્રિય કલાકાર તરીકે જાણીતા ગીતાબેનને જોઈ ભક્તોમાં આનંદનો માહોલ સર્જાયો હતો.

દ્વારકા ધામની મુલાકાત દરમિયાન તેમણે યાત્રાધામની આધ્યાત્મિકતા અને ભક્તિભાવનો અનુભવ કર્યો હતો. તેમણે દ્વારકાધીશ ભગવાન પાસે દેશ-વિદેશના તમામ ભક્તોના કલ્યાણ, સુખાકારી અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. ગીતાબેન રબારીની આ ધાર્મિક મુલાકાતની તસવીરો અને માહિતી સામે આવતા તેમના પ્રશંસકોમાં પણ ખુશીની લાગણી જોવા મળી રહી છે. દેવભૂમિ દ્વારકાની આ મુલાકાત તેમના માટે યાદગાર આધ્યાત્મિક અનુભવ બની રહી હતી.

# ખંભાળિયા નજીક દાતાની ગોળાઈ પાસે કારમાં એકાએક આગ ભભૂકતા દોડધામ




**સમય સંદેશઃ ખંભાળિયા**

જામનગર ખંભાળિયા હાઇવે પર દાતાની ગોળાઈ નજીક સોમવારે એક કારમાં અચાનક આગ લાગતાં માર્ગ પર દોડધામ મચી ગઇ હતી. જોતજોતાના આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા કાર આગની ઝપેટમાં આવી ગઈ હતી અને બળીને ખાખ થઈ ગઈ હતી. આ મામલે સ્થાનિકો દ્વારા ઘટનાની જાણ કરાતા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક બનાવ સ્થળ પર પહોંચી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ કારમાં સવાર બે વ્યક્તિઓ શરીરે સામાન્ય દાઝી ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે. જો કે સમયસર કારમાંથી બહાર નીકળી જતાં મોટી જાનહાનિ ટળી હતી. આગ પાછળનું પ્રાથમિક કારણ કારમાં શોર્ટ સર્કિટ હોવાનું મનાઈ રહ્યું છે.

# જામનગરમાં મોડી રાત્રે વરસાદી ઝાંપટાથી ગરમીમાં આંશિક રાહત







તસવીરઃ હિરેન ગાંધી

જામનગરમાં સોમવારે બપોર પછી એકાએક હવામાનમાં પલ્ટો આવ્યો હતો. આકાશમાં વાદળોના આંટા ફેરા જોવા મળ્યા હતા. આખો દિવસ ભારે બફારો અને ગરમી થી હતી. સાંજે પવનની ઝડપ વધી અને એકાએક વાતાવરણમાં પલટો આવ્યા પછી રાત્રિના સમયે રીમઝીમ વરસાદ શહેરના અનેક વિસ્તારોમાં થયો હતો. આમ અચાનક વરસાદ ના ઝાપટા થતા રોડ ભીના થયા હતા. જો કે વરસાદની રાહ જોઈ રહેલા શહેરીજનોને મેઘરાજાની પ્રથમ એન્ટ્રીથી થતા સારા વરસાદની આશા જાગી છે.

# માછીમારીની જાળમાંથી માછલી કાઢતા શખ્સોને ટપારતા યુવાન પર છરી વડે હુમલો

**સમય સંદેશઃ ઓખા**

ઓખામાં રહેતા અને માછીમારીનો વ્યવસાય કરતા શબીર અભુભાઈ ભીખલાણી નામના ૩૨ વર્ષના સંધી મુસ્લિમ યુવાનની માછીમારીની જાળમાં રહેલી માછલીઓ કાઢી રહેલા અબ્દુલ નુરમામદ તરદ, કાદર અબ્દુલ તરદ અને રજાક અબ્દુલ તરદ નામના ત્રણ શખ્સોને ફરિયાદી શબીરભાઈએ ના કહેતા આ બાબતે ઉશ્કેરાઈ ગયેલા ત્રણેય આરોપીઓએ એકસંપ કરી, શબીરભાઈ સાથે બોલાચાલી કરી હતી. આટલું જ નહીં, આરોપીઓએ બેફામ માર મારી, છરી વડે હુમલો કરી, ઈજાઓ પણ કરી હોવાનું વધુમાં જાહેર થયું છે. આ સમગ્ર બનાવ અંગે ઓખા મરીન પોલીસે તમામ ત્રણ આરોપીઓ સામે બીએનએસ અને જી.પી. એકટની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.

# ભાયુ ભાગની જમીનના વિવાદમાં આધેડે ઝેર પી તાણી મોતની સોડ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર શહેરમાં સીનેમા રોડ પર આવેલ કો.ઓપરેટીવ બેંકની બાજુમાં રહેતાં અશોકભાઇ જેન્તીભાઇ રાબડિયા (ઉ.વ.૫૫) નામના આધેડે ગત તા.૧૩ના રોજ ઝેરી દવા પી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જેથી તેઓને તાત્કાલિક સારવાર માટે પ્રથમ લાલપુરની સરકારી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતાં. જ્યાં વધુ સારવારની જરૂર જણાંતા જામનગરની જી.જી. હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતાં. જ્યાં બે દિવસની ટૂંકી સારવાર બાદ ગઇકાલે અશોકભાઇનું હોસ્પિટલના બિછાને મોત નિપજ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે, મરણજનાર અશોકભાઇનો સ્વભાવ ખૂબ જ ઉગ્ર અને તામસી સ્વભાવનો હતો. તેઓના પરિવારમાં ભાયુભાગે ખેતીની જમીનના હક્ક હિસ્સા મામલે છેલ્લા ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. આ વિવાદથી કંટાળી તેઓને આ પગલું ભરી લીધું હતું. આ બનાવ અંગે મૃત્તકના દિકરી કૃતિબેન રાબડિયાએ પોલીસને જાણ કરતાં લાલપુર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબ એસ.પી.જાડેજા સહિતનો સ્ટાફ જામનગરની જી.જી.હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# મહાપાલિકા આયોજિત કાર્યક્રમમાં ડે.મેયર અને સ્ટે.ચેરમેન સહિત ચાર પદાધિકારીઓના અપમાનથી થયો વિવાદ

**સમય સંદેશઃ જામનગર**

ધન્વંતરી ઓડિટોરિયમ ખાતે પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાના અધ્યક્ષસ્થાને 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' અને ઇ સીટી બસના લોકપર્ણ કાર્યક્રમમાં મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર,સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, શાસક પક્ષ નેતા, દંડકએ સ્ટેજ ઉપર સ્થાન ન મળતા કાર્યક્રમનો બહિષ્કાર કરીને જતા રહેતા હાજર રહેતા બુધ્ધિજીવોમાં ભારે ચર્ચા જાગી છે. જો કે, ધારાસભ્યની દરમ્યાનગીરીથી ચાર પદાધિકારીઓને પ્રેક્ષક ગેલેરીમાં એકસ્ટ્રા ખુરશી ગોઠવી આગળ બેસાડાયા હતા અને બાદમાં સ્ટેજ ઉપર જગ્યા થવાથી લઇ જવાયા હતા.



તસવીરઃ હિરેન ગાંધી

આ ઉપરાંત મહિલા સશક્તિકરણ, સામાજિક સેવા, પર્યાવરણ સંરક્ષણ અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓ, ઉદ્યોગસાહસિકો, ડિજિટલ ઈનોવેશન સાથે જોડાયેલા યુવાનો, સ્કાઉટ-ગાઈડના પુરસ્કૃત વિદ્યાર્થીઓ, પૂર્વ સૈનિકો તેમજ રાષ્ટ્રસેવા અને આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે વિશેષ યોગદાન આપનાર અધિકારીઓ અને નાગરિકોને પણ આ સંમેલનમાં ગૌરવભેર સહભાગી હતા.

કાર્યક્રમ શરૂ થાય તેવા સમયે ભાજપ શાસિત મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર રાકેશ ડેર,સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધીરેન મોનાણી ,શાસક પક્ષ નેતા અમર મોદી અને દંડક પ્રવિણાબેન રૂપડિયાને સ્ટેજ ઉપર બેઠક વ્યવસ્થા કરેલ ન હતી. તેથી તેઓ સ્ટેજ ઉપરથી નીચે ઉતરવું પડેલ હતું. આમ અનેક શહેરના બુધ્ધિજીવી અનેક મહાનુભાવની હાજરીમાં આ ઘટના બનતા મહાનગરપાલિકાના ચારેય પદાધિકારીઓએ કાર્યક્રમ છોડીને જતા રહ્યા હતા.

આમ પ્રભારી મંત્રી,શિક્ષણ મંત્રી અને ધારાસભ્યો હાજરીમાં મહાનગરપાલિકા કાર્યક્રમમાં જ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કે ડેપ્યુટી મેયરને સ્થાન ન મળે તે રાજકીય રીતે બહુ મહત્વની બાબત રાજકીય પંડિતોમાં ચર્ચા જગાવી હતી. જામનગર મહાનગરપાલિકા અને વહીવટી તંત્ર જે કાર્યક્રમના આયોજક હોય અને તે કાર્યક્રમમાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેન મોનાણી ને સ્ટેજ ઉપર બેઠક ન મળે તે ગંભીર બાબત ગણાય. અતુલ જ નહી ડેપ્યુટી મેયરની પણ સ્થાન ન મળ્યું ન હતું. આમ મહાનગરપાલિકાના ચેરમેન અને ડેપ્યુટી મેયર ને ઓડિયન્સમાં બેસવા ખુરશી આગળ નાખવામાં આવે તે વાત હાજર રહેલા શહેરીજનોમાં ભારે ચર્ચા જગાવી હતી.

જો કે, ધારાસભ્ય અને અન્યની દરમ્યાનગીરીથી ચાર પદાધિકારીઓને પ્રથમ હરોળમાં એકસ્ટ્રા ખુરશી નાખીને બેસાડાયા અને બાદમાં સ્ટેજ ઉપર જગ્યા થયા પછી બિરાજમાન કરાયા હતા.

# જામનગરમાં બોર્ડની પૂરક પરીક્ષા શાંતિપૂર્ણ સંપન્ન

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ ની પૂરક પરીક્ષાઓ લેવામાં આવેલી છે પરીક્ષાઓમાં શાંતિપૂર્ણ સંપન્ન થઈ હતી. અને ગેરરીતિ નો કોઈ કેસ નોંધાયો ન હતો. ધોરણ ૧૦ માં વિજ્ઞાન અને ટેકનોલોજી વિષય નુ પેપર લેવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૫૭૩ માંથી ૧૨૨૪ હાજર ૩૪૮ વિધાર્ગેથી ગેર હાજર રહ્યા હતા. જ્યારે ધોરણ સામાન્ય પ્રવાહ માં ગુજરાતી માં કુલ ૭૫ વિધાર્થી માંથી ૪૨ હાજર અને ૩૩ ગેર હાજર રહ્યા હતા. હિન્દીમાં ૧ હાજર અને એક વિદ્યાર્થી ગેરહાજર રહ્યો હતો. જ્યારે અંગ્રેજી માં તમામ ચાર વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. ગેરરિતી નો કોઈ કેસ નોંધાયો નથી.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

**સરકારી સોગંદનામા, ભાડા કરાર,**
**વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,**
**કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.**

**નોટરીને લગતાં કામ માટે મળો**

**અભિજીત જયંતકુમાર દવે**

**મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯**


## અનુસંધાન

### હત્યાનો પ્રયાસ

(પાના નં. ૪ થી આગળ)

આજુબાજુના લોકો ભેગા થઇ ગયા બાદ આરોપી સુરેશ ત્યાંથી નાશી છુટ્યો હતો. ફરિયાદીના કાકા અને મિત્ર સહિતનાઓએ તેને તાત્કાલિક જામનગરની જી.જી.હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. જ્યાં ઓપરેશન સહિતની સારવાર કરાઇ હોવાનું ફરિયાદમાં નોંધાયું છે. સચીન કંટિરાયાની ફરિયાદના આધારે પોલીસે આરોપી સામે હત્યાનો પ્રયાસ સહિતન કલમ હેઠળ ગુન્હો નોંધી તેને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### જીવલેણ હુમલો

(પાના નં. ૪ થી આગળ)

જામનગરની ખાનગી હોસ્પિટમાં રીફર કરાયા હતાં. હાલ પોલીસે ચંદ્રિકાબેનની ફરિયાદના આધારે બન્ને આરોપી સામે પોલીસે હત્યા પ્રયાસની કલમ હેઠળ ગુન્હો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### વિસર્જન માટે

(પાના નં. ૩ થી આગળ)

પર્યાવરણમૈત્રી ગોર મા વિસર્જન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નવાનગર નેચર ક્લબ દ્વારા આયોજિત પર્યાવરણમૈત્રી ગોર મા વિસર્જન કાર્યક્રમનો મુખ્ય હેતુ નદી,તળાવ અને સમુદ્રના જળને પ્રદૂષિત થતું અટકાવવાનો,જળચર જીવોનું રક્ષણ કરવાનો તથા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ ભારત અભિયાનને જનઆંદોલન તરીકે આગળ વધારવાનો હતો.

સ્વચ્છતા માત્ર શેરીઓ અને રસ્તાઓ પૂરતી મર્યાદિત નથી,પરંતુ આપણા તળાવો,નદીઓ અને અન્ય જળાશયો પણ સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત રહે તે એટલું જ જરૂરી છે. ધાર્મિક આસ્થાનું સન્માન જાળવી રાખતાં પર્યાવરણ સંરક્ષણ,જીવદયા અને જળસંપત્તિના રક્ષણનો સંદેશ સમાજ સુધી પહોંચે તેવા શુભ આશયથી આયોજિત આ કાર્યક્રમમાં અંદાજે ૧૨૦૦ જેટલી ગોર માની મૂર્તિઓનું શ્રદ્ધાપૂર્વક યોગ્ય જગ્યાએ વિસર્જન કરવામાં આવશે.

### પાંચ ઝડપાયા

(પાના નં. ૩ થી આગળ)

થૈયમ (ઉ.વ.૭૫, રહે.ચેલાબેડી ગામ તા.કાલાવડ જી.જામનગર) નામનો શખ્સ પોલીસને જોઇ નાશી જતાં તેને ફરારી જાહેર કર્યો હતો. પોલીસે પકડાયેલા તમામ શખ્સો પાસેથી રૂા.૧૦,૨૦૦ ની રોકડ કબ્જે કરી તમામ સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ચેક પરત ફરવાના

(પાના નં. ૩ થી આગળ)

દવરા આરોપી જીતેન્દ્ર નકુમ ને એક વરસની સાદી કેદની સજા તથા બે લાખ રૂપિયા દંડ કરીયાદી ને એક માસ મા ચુકવી આપવાનો હુકમ કરેલ છે. દંડ ની રકમ ચુકવવામાં આઆરપી કસુર કરે છે વધુ ત્રણ માસ ની સાદી કેદ ની સજા નો પણ હુકમ કરેલ છે. આ કેસમાં ફરિયાદી તરફે વકીલ ચંદ્રકાંત ઠાકર રેકાયા હતા.

### એટીએસ અને મરીન ટાસ્ક

(પાના નં. ૧ થી આગળ)

સતત રાખવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં થતો કોઈપણ ફેરફાર દરિયાઈ સુરક્ષા પર અસર કરી શકે છે.

વેસ્ટ એશિયામાં ચાલી રહેલા અમેરિકા-ઈરાન તણાવના કારણે વૈશ્વિક સ્તરે પણ દરિયાઈ સુરક્ષા મુદ્દો ચર્ચામાં છે. અરબી સમુદ્ર અને હિંદ મહાસાગર વિસ્તારમાં વધતી ગતિવિધિઓને ધ્યાનમાં રાખીને ભારતીય સુરક્ષા એજન્સીઓ પણ સંપૂર્ણ સતર્કતા દાખવી રહી છે. આવા સમયે સ્થાનિક સ્તરે હાથ ધરાતા પેટ્રોલિંગ અભ્યાનો દેશની સુરક્ષા માટે મહત્વપૂર્ણ સાબિત થાય છે.

મરીને ટાસ્ક ફોર્સ જામનગર દ્વારા હાથ ધરવામાં આવેલ આ''સઘન કોસ્ટલ પેટ્રોલિંગ''માત્ર નિયમિત કાર્યવાહી નહોતી પરંતુ રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત બનાવવા વ્યાપક પ્રયાસોનો એક ભાગ હતી. સમગ્ર અભિયાન દરમિયાન વિવિધ સ્થળોએ ચકાસણી, લોકો સાથે સંવાદ, સુરક્ષા સમીક્ષા અને માહિતી સંગ્રહ જેવી કામગીરી કરવામાં આવી હતી.

અધિકારીઓના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં પણ આવા વિશેષ પેટ્રોલિંગ અભ્યાનો યથાવત રહેશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં સતત દેખરેખ રાખવામાં આવશે અને કોઈપણ પ્રકારની શંકાસ્પદ પ્રવૃત્તિ સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે. સાથે જ સ્થાનિક લોકો અને માછીમારોમાં સહયોગથી દરિયાઈ સુરક્ષાને વધુ મજબૂત બનાવવાના પ્રયાસો ચાલુ રહેશે. જામનગર જિલ્લાના દરિયાકાંઠે હાથ ધરાયેલ આ સઘન પેટ્રોલિંગ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે રાષ્ટ્રીય સુરક્ષા સાથે કોઈપણ પ્રકારનો સમાધાન કરવામાં આવશે નહીં. દેશ વિરોધી તત્વો, ગેરકાયદેસર પ્રવૃતિઓ અને આતંકવાદી કાવતરાઓ સામે સુરક્ષા તંત્ર સંપૂર્ણપણે સતર્ક છે અને દરિયાઈ સરહદોની સુરક્ષા માટે દરેક સ્તરે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. આ અભિયાન માત્ર સુરક્ષા ચકાસણી પૂરતું મર્યાદિત ન રહી, પરંતુ રાષ્ટ્રીય સલામતી પ્રત્યેની પ્રતિભદ્ધતાનું એક જીવન ઉદાહરણ બની રહ્યું છે.

### મોદી અને ડોનાલ્ડ

(પાના નં. ૧ થી આગળ)

આદેશોનું કડક પાલન કરવું જ પડશે. અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોના આ અક્કડ વલણ બાદ ભારતના વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે આંતરરાષ્ટ્રીય રાજદ્વારી મોરચે મોરચો સંભાળ્યો હતો. વિદેશ મંત્રી જયશંકરે પોતાના અમેરિકી સમકક્ષ માર્કો રુબિયો સાથે સીધી વાતચીત કરીને ભારતીય નાગરિકોના મોતના મુદ્દે ભારત સરકારનો અત્યંત કડક અને સત્તાવાર વિરોધ નોંધાવ્યો હતો. આ રાજદ્વારી ખેંચતાણ બાદ બંને દેશોના વડાઓ વચ્ચે જી-૭ ના મંચ પર થયેલી આ મુલાકાત દર્શાવે છે કે વૈશ્વિક સ્તરે ગમે તેટલા ગંભીર મુદ્દાઓ હોય, પરંતુ પર્સનલ કમ્યુનિકેશન દ્વારા બંને દેશો આર્થિક અને વ્યાપારી હિતો માટે સાથે મળીને કામ કરવા કટિબદ્ધ છે. હવે જોવાનું એ રહેશે કે આ સમિટ દરમિયાન થનારી દ્વિપક્ષીય વાટાઘાટોમાં હોર્મોઝ વિવાદ અને સમુદ્રી સુરક્ષાના મુદ્દાઓ પર વ્હાઇટ હાઉસ ભારતને કોઈ સત્તાવાર આશ્વાસન આપે છે કે નહીં.

### રાજ્યભરના શિક્ષકો

(પાના નં. ૧ થી આગળ)

આલમમાં ભારે ફફડાટ અને રોષ વ્યાપી ગયો છે. આ આંદોલન અંગે શિક્ષક આગેવાનોનું કહેવું છે કે, વર્ષ ૨૦૧૦ પહેલાં રાજ્યમાં TET પરીક્ષાની કોઈ વ્યવસ્થા જ અસ્તિત્વમાં નહોતી અને તે સમયના સત્તાવાર ભરતી નિયમો અનુસાર જ તમામની કાયદેસર નિમણૂક કરવામાં આવી હતી. દાયકાઓનો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોને આ ઉંમરે ફરીથી પરીક્ષા આપવી પડે તે બિલકુલ યોગ્ય નથી, તેથી તેમને આ નવા નિયમમાંથી કાયમી મુક્તિ મળવી જોઈએ. લાંબા સમયથી શિક્ષણ ક્ષેત્રે સેવા આપતા અનુભવી શિક્ષકોને નવી શરતોના આધારે મુશ્કેલીમાં મૂકવાને બદલે સરકાર દ્વારા વ્યવહારુ અને માનવતાવાદી અભિગમ અપનાવવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે. હવે જોવાનું એ રહેશે કે આ આંદોલન સરકારને નમાવશે કે પછી ખેડૂતોના આંદોલનની જેમ આનું પણ સુરસુરિયું થઈ જશે.

# જામનગર શહેરમાં પવિત્ર પુરૂષોત્તમ માસની પૂર્ણાહુતિએ ભક્તિ ઉત્સવ






તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

છોટીકાશી જામનગરમાં અધિક માસ એટલેકે પવિત્ર પુરૂષોત્તમ માસની અમાસનાં દિને શ્રી પુરુષોત્તમજીનાં ભગવાનનાં મંદિરો તથા વિષ્ણુ મંદિરોમાં ભક્તોનો સાગર ઉમટ્યો હતો. એક મહિનાથી સર્જાયેલ ભગવાન વિષ્ણુને સમર્પિત ભક્તિમય વાતાવરણ ચરમ પર પહોંચ્યુ હતું. ગોરમાં ની પૂજા - ભજન કિર્તન, વ્રત,મંદિરોમાં પ્રદક્ષિણા - દિપદાન સહિતનાં ધર્મ કાર્યોથી ભક્તોએ પુણ્ય નું ભાથુ બાંધવાનો પ્રયાસ કર્યો હતો. જામનગરમાં વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા ગોરમાંની મૂર્તિઓનાં ઇકો ફ્રેન્ડલી વિસર્જન માટે પણ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. વિષ્ણુ મંદિરોમાં ભક્તો ઉમટશે અને ઠાકોરજીનાં શયન સાથે પુરૂષોત્તમ માસનો ભક્તિ ઉત્સવ પૂર્ણ થશે.

## તળાવની પાળે વિસર્જન માટે ગોરમાંની એક હજારથી વધુ મૂર્તિઓ આવી



તસવીરઃ હિરેન ગાંધી

પવિત્ર પુરુષોત્તમ માસ દરમિયાન ભક્તજનો દ્વારા શ્રદ્ધા,ભક્તિ અને ભાવપૂર્વક કરવામાં આવેલ પૂજા-પાઠ,જપ-તપ, દાન-પુણ્ય અને ધાર્મિક અનુષ્ઠાનોનું પુણ્ય અજાણતા પાપમાં પરિવર્તિત ન થાય તેમજ નદી,તળાવ અને સમુદ્રના જળને પ્રદૂષિત થતું અટકાવી શકાય તેવા શુભ આશય સાથે નવાનગર નેચર ક્લબ દ્વારા લાખોટા તળાવ ખાતે

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં સંગીતનો જાદુઃ ડો. અર્પિત ડેલીવાળાના સુરાવલી શોમાં શ્રોતાઓ મંત્રમુગ્ધ




**સમય સંદેશઃ જામનગર**

શનિવાર, તારીખ ૧૩-૦૬ના રોજ જામનગરના ટાઉનહોલ (ગંગા ઓડિટોરિયમ) ખાતે જેની આતુરતાથી પ્રતીક્ષા થઈ રહી હતી તે ભવ્ય સંગીત મહોત્સવ યોજાઈ ગયો. જૈન સમાજના ગૌરવ અને સંગીત સૃષ્ટિના રોકસ્ટાર ડો. અર્પિતભાઈ ડેલીવાળાના આગમન સાથે જ આખો હોલ તાળીઓના ગડગળાટથી ગુંજી ઉઠ્યો હતો. તેમણે માઇક હાથમાં લેતાની સાથે જ સ્વ. મોહમ્મદ રફી સાહેબનું સદાબહાર ગીત 'નઝર ન લગ જાયે કિસીકી રાહો પે...' શરૂ કર્યું હતું. તેમનો હૂબહૂ રફી સાહેબ જેવો લહેકો અને માધુર્ય સાંભળીને શ્રોતાઓ ભાવવિભોર થઈ ગયા હતા. ત્યારબાદ તેમણે 'દોસ્તી' અને 'મિ. એક્સ ઇન બોમ્બે' જેવા અવિરત કર્ણપ્રિય ગીતોની સરવાણી વહાવીને અદ્ભુત માહોલ સર્જ્યો હતો.

આ કાર્યક્રમની મુખ્ય વિશેષતા એ હતી કે ડો. અર્પિતભાઈ જુદા જુદા ૨૬ દિગ્ગજ ગાયકોના અવાજમાં સચોટતાથી ગાઈ શકે છે. સ્ટેજ પાછળ વિશાળ પડદા પર ઓરિજિનલ વીડિયો સાથે તેમનું લાઈવ લિપ-સિંક અને હાવભાવ ભૂતકાળ તેમજ વર્તમાનનો અદ્ભુત સમન્વય રજૂ કરતા હતા. આ સફળતા પાછળ સમગ્ર ડેલીવાળા પરિવારનું સમર્પણ હતું. પૂજ્ય પિતા ડો. દિલીપભાઈ ડેલીવાળાએ સુંદર પ્લાનિંગ સાથે સ્ટેજ પર સ્વ. મુકેશજીના દર્દભર્યા અવાજમાં ગીતો ગાઈ વડીલોને ગદ્ગદિત કર્યા હતા, જ્યારે તેમના ભાઈ વિજીત ડેલીવાળાએ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (અઇ), આંતરરાષ્ટ્રીય સ્તરની લાઈટિંગ અને સાઉન્ડ ઈફેક્ટ્સ દ્વારા લંડન-ન્યૂયોર્કના ઓપેરા હાઉસ જેવો ભવ્ય અહેસાસ કરાવ્યો હતો.

કાર્યક્રમમાં અમદાવાદના પ્રખ્યાત ગાયિકા અંકિતા ગાંધીએ ડો. અર્પિત સાથે સૂરમય જુગલબંધી કરી હતી. મુખ્ય સ્પોન્સર્સ રાજકોટના 'મનન IVF and Fertility સેન્ટર' અને 'Shanaya Jewels' તરફથી આકર્ષક ગિફ્ટ અને નાસ્તો આપવામાં આવ્યો હતો, તેમજ જાણીતા ડો. નીતિન લાલ, ડો. રીના લાલ અને ડો. અતુલભાઈએ પણ લાઈવ ગીતો ગાઈને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. રાતના ૧ વાગ્યા હોવા છતાં ૮૦૦ લોકોની ઓડિયન્સ ટસની મસ થઈ નહોતી. અંતમાં ''દ્વારિકાનો નાથ'' ની ધૂન અને ''મેરે દેશ કી ધરતી'' ગીત પર આખું ઓડિયન્સ સ્ટેજ પર ઝૂમી ઉઠ્યું હતું. કાર્યક્રમ બાદ આયોજકો દ્વારા જામનગરના જગવિખ્યાત ગરમા-ગરમ જલેબી-ગાંઠિયાનો અનલિમિટેડ મહાપ્રસાદ રાખવામાં આવ્યો હતો, જેથી લોકો સંગીતથી હૃદય અને સ્વાદથી જઠર તૃપ્ત કરીને પાછા ફર્યા હોવાનું અમોલ ઠક્કરે જણાવ્યું છે.

## જામનગર જિલ્લામાં સરકારી કચેરીઓથી લઈ ધાર્મિક સ્થળો સુધી વ્યાપક સફાઈ ઝુંબેશ




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાને વધુ સ્વચ્છ, સુંદર અને સુઘડ બનાવવાના મક્કમ નિર્ધાર સાથે સમગ્ર જિલ્લામાં સઘન સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ અભિયાન અંતર્ગત ગ્રામ્ય સ્તરથી શરૂ કરીને તાલુકા અને જિલ્લા કક્ષા સુધીના તમામ જાહેર સેવાના સ્થળો તેમજ શ્રદ્ધા કેન્દ્રોને આવરી લેવામાં આવ્યા છે, જેથી નાગરિકોમાં સ્વચ્છતા પ્રત્યે સભાનતા વધે અને તંદુરસ્ત વાતાવરણનું નિર્માણ થઈ શકે.

આ વિશેષ સફાઈ ઝુંબેશ અંતર્ગત જામનગર જિલ્લાની તમામ સરકારી કચેરીઓ, શાળાઓ તેમજ અન્ય સ્વાયત્ત અને જાહેર સંસ્થાઓના પરિસરોની સફાઈ કરવામાં આવી રહી છે. કચેરીઓમાં વર્ષો જૂના બિનજરૂરી રેકોર્ડના નિકાલથી લઈને સામાન્ય જનતા માટેની સુવિધાઓને સ્વચ્છ રાખવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ સાથે જ, ભવિષ્યની પેઢીમાં અત્યારથી જ સ્વચ્છતાના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફના સહયોગથી પરિસર સફાઈની પ્રવૃત્તિઓ વેગવંતી બનાવવામાં આવી છે.

સરકારી સંસ્થાઓ ઉપરાંત, નાગરિકોની રોજિંદી અવરજવર વાળા મુખ્ય વિસ્તારો જેવા કે સ્થાનિક હાટ-બજારો અને ગામ-તાલુકા કક્ષાના મોટા વ્યાપારી કેન્દ્રોમાં પણ આ ઝુંબેશ અંતર્ગત કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. હાટ-બજારોમાં વેપારીઓને પણ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા અને કચરો નિયત જગ્યાએ જ નાખવા માટે વહીવટી તંત્ર દ્વારા સમજણ પૂરી પાડવામાં આવી રહી છે.

વિશેષ રૂપે, જામનગર જિલ્લાના ઐતિહાસિક અને સ્થાનિક શ્રદ્ધાના કેન્દ્ર સમાન તમામ ધાર્મિક સ્થળોએ પણ આ અભિયાન અંતર્ગત વિશેષ સફાઈ હાથ ધરવામાં આવી છે. ધાર્મિક સ્થાનો પર આવતા દર્શનાર્થીઓને પવિત્ર અને સુખદ વાતાવરણ મળી રહે તે માટે મંદિર પરિસરો, પ્રવેશદ્વારો અને આસપાસના વિસ્તારોને સંપૂર્ણપણે સ્વચ્છ રાખવા માટે સ્થાનિક સમિતિઓ અને સ્વયંસેવકોનો પણ સહકાર લેવામાં આવી રહ્યો છે. જિલ્લા પ્રશાસન દ્વારા જામનગરના તમામ નાગરિકો, સામાજિક સંસ્થાઓ અને સેવાભાવી મંડળોને આ સફાઈ ઝુંબેશમાં સક્રિયપણે જોડાવવા અને પોતાના વિસ્તારને સ્વચ્છ રાખી આ મહાઅભિયાનને સફળ બનાવવા હાર્દિક અપીલ કરવામાં આવી છે.

## ખડખંભાળિયામાં સ્ટ્રીટ લાઇટના અંજવાળે જુગાર રમતા પાંચ ઝડપાયા

**સમય સંદેશઃ લાલપુર**

જામનગર જિલ્લાના લાલપુર પોલીસે ખડખંભાળિયા ગામે સ્ટ્રીટ લાઇટના અજવાળે જાહેરમાં ગંજીપાનાનો જુગાર રમી રહેલાં સાજણભાઇ ઉર્ફે સેઝા આબાભાઇ ગોસરીયા (ઉ.વ.૪૯, રહે.રક્કા ગામ તા.લાલપુર જી.જામનગર), સુરેશ કીશોરભાઇ કમેજારીયા (ઉ.વ.૨૮, રહે.ખડખંભાળીયા ગામ તા.લાલપુર જી.જામનગર), સંજય લાલજીભાઇ કમેજારીયા (ઉ.વ.૩૪, રહે.ખડખંભાળીયા ગામ તા.લાલપુર જી.જામનગર), રમેશ રવજીભાઇ કમેજારીયા (ઉ.વ.૫૫, રહે.ખડખંભાળીયા ગામ લાલપુર જી.જામનગર), હબીબ જીવાભાઇ થૈયમ (ઉ.વ.૭૫, રહે.ચેલાબેડી ગામ તા.કાલાવડ જી.જામનગર) નામના પાંચ શખ્સોને ઝડપી લીધા હતાં. જ્યારે અનીલ બાવદીનભાઇ

અનુ પાના નં.૨ પર

## સગીરાની પજવણી કરનાર શખ્સને પાંચ વર્ષની સજા

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં સગીર બાળકીઓની સુરક્ષા સામે સવાલ ઉઠાવતી એક ગંભીર ઘટનામાં અદાલતે કડક ચુકાદો સંભળાવ્યો છે. મેઘપર પડાણા પોલીસ સ્ટેશન વિસ્તારની સોસાયટીમાં ૧૧ વર્ષની માસૂમ બાળકીનો પીછો કરી તેની છેડતી કરનારા ૨૫ વર્ષીય આરોપી દિનેશ રામભાઈ વાઘોરાને જામનગરની સ્પેશિયલ ડ્યઈજ્ધ કોર્ટે કસૂરવાર ઠેરવી ૫ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

ઘટનાની વિગત મુજબ, ૧૯ જૂન ૨૦૨૪ના રોજ બપોરે શાળાએથી સાયકલ પર ઘરે પરત ફરેલી બાળકી જ્યારે પોતાના ફ્લેટની સીડીઓ ચડી રહી હતી, ત્યારે હાઉસ-કીપિંગનું કામ કરતા નરાધમ આરોપીએ પાછળથી આવી તેને પકડી લીધી હતી અને ચુંબન કરી છેડતી કરી હતી. બાળકીએ હિંમત દાખવી તાત્કાલિક પોલીસમાં પરિવારને જાણ કરતાં પિતાએ તાત્કાલિક પોલીસમાં એફ.આઈ.આર. નોંધાવી હતી. જે કેસ કોર્ટમાં સરકારી વકીલ એમ.બી. વાદીએ ધારદાર દલીલો અને ૦૯ મજબૂત કરવા બચાવ પક્ષની સીસીટીવી ફૂટેજ ન હોવાની લૂલી દલીલોને ફગાવીને સ્પેશિયલ જજએ આરોપીને ıજ્ઞભતજ્ઞ એક્ટની વિવિધ કલમો હેઠળ દોષિત જાહેર કરી રૂ. ૮ હજારનો દંડ અને ૫ વર્ષની જેલની સજા ફટકારી છે.

આ સાથે જ કોર્ટે બાળકીની માનસિક સ્થિતિ અને પુનર્વસનને ધ્યાનમાં રાખીને વિક્ટિમ કોમ્પેન્સેશન સ્કીમ હેઠળ રૂ. ૨ લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે. તંત્ર અને સમાજ માટે આ ચુકાદો લાલબત્તી સમાન છે.

## પડાણા ગામે સીડી ઉપરથી પટકાતા પરપ્રાંતિય યુવકનું મોત

**સમય સંદેશઃ લાલપુર**

મૂળ ઉત્તરપ્રદેશના ગોરખપુર જિલ્લાના વતની અને જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના પડાણા ગામે રહેતાં મામાદેવના મંદિરની પાછળ તિરૂપતી બ્લાસ્ટ એન્ડ કોર્ટ કંપનીના મકાનમાં રહેતાં શેરૂખાન ઇતનખાન મુસ્લિમ (ઉ.વ.૪૫) નામનો યુવાન ગત તા.૧૪ના રાત્રીના અગિયારેક વાગ્યાના સમયગાળા દરિયમાન પોતાના રૂમની અગાશી પર સુવા માટે લોખંડની સિડી મારફત ઉપર જઇ રહ્યો હતો.

ત્યારે કોઇપણ કારણસર તેનો પગ લપસી જતાં સિડી પરથી નીચે પટકાયો હતો. નીચે પડેલ પથ્થર શેરૂખાનના માથામાં લાગતા તેને માથામાં ગંભીર ઇજા પહોંચી હતી જેથી તેને તાત્કાલિક સારવાર માટે સિક્કા ખાતેની હોસ્પિટલમાં લઇ જવાયો હતો. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેને તપાસી મોત નિપજ્યાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે તેની સાથે જ રહેતાં સંજીવકુમાર રાજેન્દ્રસિંહ ગુપ્તા (ઉ.વ.૨૮) નામના યુવાને પોલીસને જાણ કરતાં મેઘપર પડાણા પોલીસ મથકનો સ્ટાફ સિક્કા ખાતેની હોસ્પિટલ પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી યુવાનના પરિવારને જાણ કરી આ બનાવ અંગેની વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરના રણમલ તળાવ પરિસરમાં ૧૦૮ સૂર્ય નમસ્કાર



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

૧૨માં વિશ્વ યોગ દિવસની પૂર્વ તૈયારી નિમિતે રણમલ તળાવમાં આશરે ૧૦૦ યોગ સાધકોએ સાથે મળીને ૧૦૮ સૂર્ય નમસ્કાર કર્યા હતા. જેમાં યોગ ટ્રેનર તરુણ ગુસાણી, કાજલ શેઠિયા અને નિરાલી વિધાની વિગેરે જોડાયા હતા.

## ઓખામાં માછીમારી કાયદાનું ઉલ્લંઘન કરવા સબબ ચાર માછીમારો સામે કરાતી કાર્યવાહી

**સમય સંદેશઃ ઓખા**

ઓખા નજીક આવેલા પોશીત્રા ગામના દરિયા કાંઠે જાવીદ દાઉદ ભીખલાણી, એજાજ ધાબુભાઈ સમા, રમજાન સુલેમાન ભીખલાણી અને હાજી જુમાભાઈ ભીખલાણી નામના ચાર માછીમારોએ હાલ ચોમાસાની ઋતુમાં દરિયામાં માછીમારી કરવા પર પ્રતિબંધ હોવા છતાં દરિયામાં માછીમારી કરતા પોલીસે ઝડપી લઇ, બી.એન.એસ. અને ફિશરીઝ એક્ટ હેઠળ કાર્યવાહી કરી છે.

## જામનગર એરપોર્ટ ખાતે યાત્રી સુવિધા દિવસ ઉજવાયો




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા 'યાત્રી સુવિધા દિવસ'ની ખૂબ જ ઉત્સાહભેર અને અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. આ ખાસ દિવસ નિમિત્તે જામનગર એરપોર્ટ પર આવી પહોંચેલા મુસાફરોનું કુમકુમ તિલક કરીને ભારતીય સંસ્કૃતિ મુજબ પરંપરાગત રીતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું, જેને જોઈને મુસાફરો પણ ભાવવિભોર બન્યા હતા.

આ દરમિયાન સમગ્ર એરપોર્ટ પરિસર દેશભક્તિના રંગે રંગાયેલું જોવા મળ્યું હતું. એરપોર્ટ પર હાજર તમામ મુસાફરો અને ઓફિસ સ્ટાફ દ્વારા એકઠા થઈને ગૌરવભેર સામુહિક 'વંદે માતરમ'નું ગાન કરવામાં આવ્યું હતું, જેનાથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આ ઉપરાંત,ઉડ્ડયન ક્ષેત્રે કાર્યરત અને દેશના વિકાસમાં મહત્વનું યોગદાન આપતી મહિલા કર્મચારીઓનું તેઓની સરાહનીય અને ઉત્કૃષ્ટ કામગીરી બદલ વિશેષ સન્માન કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. મુસાફરોના મનોરંજન માટે એરપોર્ટના અરાઈવલ હોલમાં ખાસ પરંપરાગત ગુજરાતી લોકનૃત્યની ભવ્ય પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી. આ સાંસ્કૃતિક કાર્યક્રમે પ્રવાસીઓનું દિલ જીતી લીધું હતું. એરપોર્ટ ડાયરેક્ટર ડી.કે.સિંઘે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, જામનગર એરપોર્ટ ૧૨ વર્ષમાં એક અભૂતપૂર્વ પરિવર્તનથી પશ્ચિમ સૌરાષ્ટ્રના વિકાસનુ મુખ્ય પ્રદેશ દ્વાર બન્યું છે. જ્યાં વર્ષે માત્ર ૫૦ હજાર મુસાફરો નોંધાતા હતા. ત્યાં હવે ૨ લાખ મુસાફરોની સંખ્યાથી ૩૦૦ ટકાનો વધારો થયો છે.

## ચેક પરત ફરવાના કેસમાં આરોપીને એક વર્ષની સજા

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં રૂપિયા બે લાખની રકમનો ચેક પરત ફરવાના કેસમાં અદાલતે આરોપીને એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે. જામનગર માં રહેતા જાડેજા દિગુભા ગજુભાં પાસે થી નકુમ જીતેન્દ્રભાઈ પરસોત્તમભાઈ મિત્રતા અને સંબંધ ના દાવે રૂપિયા બે લાખ રૂપિયા ઉછીના લીધા હતાં. જેની પરત ચુકવણી માટે જીતેન્દ્રભાઈ નકુમ એ ચેક આપ્યો હતો તે ચેક બેંક માંથી પરત ફરતા પરત ફરતા દિગુભા જાડેજા એ જામનગરની અદાલત માં ઘી નગોશીએબલ ઈ-ન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ મુજબ કેશ દાખલ કર્યો હતો. જે કેસ જામનગર એડીશનલ ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ બી .આર . દવેની અદાલતમાં ચાલી જતાં અદાલત

અનુ પાના નં.૨ પર

## મેયર અને ચેરમેનના વોર્ડની કેનાલ પ્રિ-મોન્સુન કામગીરીથી વંચિત



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

મહાનગરપાલિકાના મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જે વોર્ડના છે તે વોર્ડની કેનાલ ગંદકી અને કચરાથી ઉભરાઈ રહી હોવાનો લોક સૂર ઉઠ્યો છે. જામનગર મહાનગરપાલિકા દ્વારા હાલ પ્રિ મોન્સુન કામગીરી ચાલી રહી છે. ત્યારે ગુરુદ્વારા સર્કલ થી અંબર ચોકડી તરફ જતી કેનાલ હજુ સફાઈની રાહ જોયેલી છે. કેનાલમાં માત્ર પ્લાસ્ટિક ઝાડી જાખરા સહિતનો કચરો જ નથી. પરંતુ મહાનગર પાલિકાની સોલિડ વેસ્ટ ની વોર્ડમાં કચરો ઉપાડવાની એક બે નહીં પંરતુ ત્રણ લોખંડીની ગાડીઓ પણ આ કેનાલમાં પડી છે. આ કેનાલ કચરાથી ઉભરાઈ રહી છે. જો પ્રિ મોન્સુન કામગીરી વોર્ડ નવમાં ચોમાસા પહેલા શરૂ કરવામાં આવે તે ઇચ્છનીય છે.

# જામનગરમાં વધુ બે જર્જરિત મકાનો તોડવાની કાર્યવાહીનો કરાતો આરંભ








**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી જાહેર સલામતીના હેતુસર જામનગર મહાનગરપાલિકા દ્વારા જર્જરિત અને જોખમી ઇમારતો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. ગત સમાહ દરમિયાન શહેરી વિસ્તારમાં આવેલા સાત જર્જરિત મકાનો દૂર કરવામાં આવ્યા હતા. આ કામગીરીના અનુસંધાને હાલ ગીતા લોજ વાળી બિલ્ડિંગમાં ડિમોલિશન કામગીરી ચાલી રહી છે. ત્યારબાદ ગઈકાલે ગ્રેન માર્કેટ નજીક આવેલું કસ્ટમ હાઉસ નું જર્જરિત મકાન તોડવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સાથે સાથે વોર્ડ નં. ૯ના વંડા ફળી વિસ્તારમાં આવેલું એક જર્જરિત મકાન પણ જાહેર જનતા તેમજ આસપાસના રહેવાસીઓ માટે જોખમરૂપ બન્યું હોવાથી તેનું પણ આજે ડીમોલેશન કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. જામનગર મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ અને એસ્ટેટ શાખાની ટીમ તેમજ સંબંધિત વિભાગોના અધિકારીઓની દેખરેખ હેઠળ આ કામગીરી કરવામાં આવી રહી છે. મહાનગરપાલિકાએ જણાવ્યું છે કે, શહેરમાં જોખમી હાલતમાં રહેલી ઇમારતોની ઓળખ કરી તબક્કાવાર કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે, જેથી ચોમાસા દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે. મહાનગરપાલિકાની આ કામગીરીને પગલે શહેરમાં જાહેર સલામતી માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે અને જોખમી ઇમારતો દૂર કરવાની ઝુંબેશ આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે.

# જામનગરના નવાગામ ઘેડમાં ઉછીના પૈસાના ઉઘરાણી કરતા યુવાનની હત્યાનો પ્રયાસ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના શહેરના નવાગામ ઘેડ આરોગ્ય કેન્દ્ર પાસે રહેતાં સચીન કિશોરભાઇ કંટિરાયા નામના ૨૭ વર્ષિય શ્રમિક યુવાને પોતાના જ વિસ્તારમાં રહેતાં આરોપી એવા સુરેશ રમેશભાઇ મકવાણા સામે સિટી બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદની વિગત અનુસાર ગત તા.૧૪ના રોજ રાત્રીના ૧૧ વાગ્યાની આસપાસ ફરિયાદી સચીન તેના લતામાં આવેલા આરોગ્ય કેન્દ્ર પાસે બેઠો હતો.




આ વેળાએ આરોપી સુરેશ મકવાણા ત્યાં આવ્યો હતો. આથી ફરિયાદીએ તેને કહ્યું હતું કે, આજ થી દોઢ વર્ષ પહેલાં મેં તને ૮૦ હજાર હાથઉછીના આપ્યાં હતાં. તેમાંથી કટકે કટકે ૨૦ હજાર પરત આપ્યાં છે. બાકીના ૬૦ હજાર આપ મારે ઘરમાં કામ છે તેમ કહેતાં સુરેશ મકવાણાએ ફરિયાદીને કહ્યું કે, અત્યારે મારી પાસે રૂપિયા નથી. આથી ફરિયાદીએ કહ્યું કે તું અત્યારે ગામે ત્યાંથી રૂપિયાની વ્યવસ્થા કર. આથી આરોપીએ કહ્યું કે હું ઘરેથી થોડાઘણાં રૂપિયા લઇને આવું છું તેમ કહી પોતાના ઘરે ગયો હતો. થોડી વાર પછી પરત આવી આરોપીએ કહ્યું કે, તને તારા રૂપિયા નથી દેવા તારાથી જે થાય તે કરી લે જે.. આ દરમિયાન ફરિયાદીએ શાંતિથી વાત કરવાનું કહેતાં આરોપી ગાળાગાળી કરી ઉશ્કેરાય ગયો હતો અને નેફામાંથી છરી કાઢી આજ તો તને પતાવી જ દેવો છે તેમ કહી ફરિયાદના પેટના ભાગે છરીનો એક ઘા ઝીંકી દીધો હતો. દરમિયાન દેકારો અને રાડારાડી થતાં

અનુ પાના નં.૨ પર

# જામનગરના રાજપાર્ક પાસે દારૂ લઇને નિકળેલ બે શખ્સો કાર સાથે ઝડપાયા




**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના રાજપાર્કના ઢાળિયા પાસે બી ડિવિઝન પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ક્વોડે ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરી કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે કુલ રૂ. ૩,૬૨,૯૦૦નો મુદ્દામાલ કબજે કરી બે શખ્સો સામે પ્રોહિબિશન અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સર્વેલન્સ સ્કવોડ પેટ્રોલિંગમાં હતી આ દરમિયાન બાતમી મળી હતી કે રાજપાર્કના ઢાળિયા પાસે ઉભેલી રીટ્ઝ કારમાં વેચાણના હેતુથી દારૂનો જથ્થો રાખવામાં આવ્યો છે. જેના આધારે પોલીસે દરોડો પાડી તપાસ કરતાં કારમાંથી દારૂની ૪૩ બોટલો, બે મોબાઇલ ફોન અને એક મારૂતિ સુઝુકી રીટ્ઝ કાર મળી આવી હતી. પોલીસે દારૂની ૪૩ બોટલો કિંમત રૂ. ૫૫,૯૦૦, બે મોબાઇલ ફોન કિંમત રૂ. ૭,૦૦૦ તથા રૂ. ૩ લાખની રીટ્ઝ કાર સહિત કુલ રૂ. ૩,૬૨,૯૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ મામલે ભાવેશસિંહ ગતુભા જાડેજા અને હનીફ યુસુફભાઈ સફીયાને પકડી પાડી પ્રોહિબિશન અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. તપાસ દરમિયાન ઝડપાયેલા દારૂનો જથ્થો અલ્તાફ શેખ ઉર્ફે બંટી (રહે. તાલમામદ સોસાયટી, જામનગર) પાસેથી મેળવવામાં આવ્યો હોવાનું સામે આવતાં તેને ઝડપી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# દારૂ પ્રકરણમાં નાસતો ફરતો ભાણવડનો આરોપી ઝડપાયો



**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડ તાલુકાના બાળાનેશ વિસ્તારના મૂળ રહીશ અને હાલ નજીકના મોટા કાલાવડ ગામના ભરત દેવાભાઈ મોરી નામના ૨૯ વર્ષના રબારી શખ્સ સામે થોડા સમય પૂર્વે પ્રોહિ. એક્ટ હેઠળ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

છેલ્લા ઘણા સમયથી નાસતા ફરતા આરોપી સંદર્ભે એલ.સી.બી. પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં એલ.સી.બી.ના ઇન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી તેમજ તેમની ટીમ દ્વારા બાતમીના આધારે ઉપરોક્ત શખ્સને ભાણવડ તાલુકાના મોડપર ગામે આવેલા બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી લઇ, આગળની કાર્યવાહી અર્થે તેનો કબજો ભાણવડ પોલીસને આપવામાં આવ્યો છે. આ સમગ્ર કાર્યવાહી એલસીબી વિભાગના હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ જાડેજા, શક્તિસિંહ ઝાલા અને વેજાણંદભાઈ બેલાની બાતમીના આધારે કરવામાં આવી હતી.

# એરફોર્સ વસાહતમાં બાથરૂમમાં પટકાતા વૃદ્ધનું મૃત્યુ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના એરફોર્સ-૦૧ કવાર્ટર નં.૯૭૭/૮માં રહેતાં જગદીશમૌર્ય ચૌધરી (ઉ.વ.૮૧) નામના વૃધ્ધ ગઇકાલે પોતાના રહેણાંક મકાને બાથરૂમમાં ગયા બાદ કોઇપણ કારણસર પડી ગયા હતાં. જેથી તેઓને માથામાં ગંભીર ઇજા પહોંચી હતી જે ઇજા જીવલેણ સાબિત થઇ હતી અને તેઓનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે માધવ રાજેશભાઇ ભદોરિયાએ પોલીસને જાણ કરતાં સિટી સી ડિવિઝન પોલીસ મથકના પીએસઆઇ આર.કે. ખલીફા સહિતનો સ્ટાફ બનાવ સ્થળે પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં જન્મ-મરણ દાખલા માટે જનતા પર બેવડો બોજ

## જામનગર મહાનગર પાલિકામાં CRS સુવિધાના અભાવે નાગરિકોને સાયબર કાફેમાં લૂંટાવું પડે છે






**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની જન્મ-મરણ શાખામાં વહીવટી ગેરવ્યવસ્થાને કારણે નાગરિકોને મુશ્કેલી પડી રહી છે. સરકારના નિયમ મુજબ, હવે માત્ર નવા ફોરમેટવાળા દાખલા જ માન્ય રાખવામાં આવે છે. આથી, જૂના દાખલા ધરાવતા હજારો લોકોને નવા ફોરમેટ મુજબના દાખલા કઢાવવા માટે કોર્પોરેશનના ધક્કા ખાવા પડે છે.

અરજદારો કલાકો સુધી લાઈનોમાં ઊભા રહ્યા બાદ, તેમને નવો દાખલો આપવાના બદલે ઈર્જ્ (સિવિલ રજીસ્ટ્રેશન સિસ્ટમ) કરાવવા માટે કોર્પોરેશનની બહાર મોકલી દેવામાં આવે છે. મહાનગરપાલિકામાં આ સુવિધા ઉપલબ્ધ ન હોવાથી, લોકોને ખાનગી સાયબર કાફેમાં જવું પડે છે. ત્યાં ઓનલાઈન એન્ટ્રી કરવાના નામે લોકો પાસેથી રૂ. ૨૫૦ થી ૩૦૦ સુધીનો ચાર્જ વસૂલવામાં આવે છે.

મહત્વની વાત એ છે કે, નાગરિકોએ અગાઉ કાયદેસરનો ચાર્જ ભરીને જ મનપામાંથી દાખલો મેળવ્યો હતો. સરકાર દ્વારા વારંવાર ફોરમેટ બદલવામાં આવ્યા હોવા છતાં, તેનો બોજ જનતા પર પડી રહ્યો છે. નવા ફોરમેટના દાખલા માટે કોર્પોરેશનમાં રૂ. ૧૨૦ વસૂલવામાં આવે છે, અને ઉપરથી સાયબર કાફેનો વધારાનો આર્થિક બોજ પણ જનતા પર આવી રહ્યો છે.

હાલમાં, જામનગર મનપામાં અંદાજે ૫,૦૦૦ થી ૬,૦૦૦ જેટલી અરજીઓ પેન્ડિંગ હોવાનું સામે આવ્યું છે. જનતાની હાલાકી દૂર કરવા માટે તાકીદે રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆતમાં લોકો પાસેથી લેવાતો આર્થિક ચાર્જ તાત્કાલિક બંધ કરવા, કોર્પોરેશન કેમ્પસની અંદર જ સત્તાવાર ઈર્જ્ સેન્ટર શરૂ કરવા અને તેમાં ૪ થી ૫ ઓપરેટરોની નિમણૂક કરી પેન્ડિંગ અરજીઓનો ઝડપી નિકાલ કરવા માંગ કરવામાં આવી છે.

જામનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર જેનમબેન ખફી દ્વારા આ અંગે રજૂઆત કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે જો આમ લોકોના પૈસાનો ધુવાણો થતો હોય, તો યોગ્ય વ્યવસ્થા શા માટે કરવામાં આવતી નથી.

# જામનગરની પોટરી ગલીમાં દારૂની મહેફિલ માણતા ચાર ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં દારૂની મહેફિલ માણતા ચાર શખ્સને પોલીસે દરોડા દરમિયાન પકડી પાડી તમામ સામે ગુન્હો નોંધી એક કાર પણ સ્થળપરથી કબ્જે લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરમાં પોટરીવાળી ગલીમાં ઇંગ્લિશ દારૂની કેટલાક શખ્સો મહેફિલ માણતા હોય તેવી બાતમીના આધારે સિટી બી ડિવિઝન પોલીસે ત્યાં દરોડો પાડ્યો હતો દરમિયાન દારૂની મહેફિલ માણતા મનોજ રમણીકભાઈ તાળા,



રાજેશ રણમલભાઈ ડાંગર, અશોક દેવશીભાઈ અકબરી અને પ્રકાશ પ્રફુલભાઈ ટાંક નામના ચાર શખ્સને ઝડપી લઇ એક મોટરકાર પણ કબ્જે લઈ તમામ સામે ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી આરંભી હતી.

# જોડિયાના પાટીવાડીમાં નજીવી બાબતે આધેડ ખેડૂત ઉપર થયો જીવલેણ હુમલો

**સમય સંદેશઃ જોડિયા**

જામનગર જિલ્લાના જોડિયામાં આવેલ સરદાર સોસાયટી લક્ષ્મીપરા વિસ્તારમાં રહેતાં ચંદ્રિકાબેન નરભેરામ ભિમાણી નામના ૬૦ વર્ષિય મહિલાએ પોતાના પતિ પર હુમલા મામલે પોતાની વાડીની બાજુમાં ભાગમાં વાડી વાવતાં આરોપી નિલેશ હંસરાજ કુંડારિયા અને તેની પત્ની સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવાયા અનુસાર ફરિયાદી અને તેના પતિ પોતાની વાડીએ કામ કરી રહ્યાં હતાં.

તે દરમિયાન આરોપી નિલેશે પોતાની વાડીના નારિયેળીના પાંદડા રસ્તામાં પડ્યાં હોવાથી ફરિયાદીના પતિ નરભેરામ ભિમાણીએ રસ્તામાંથી પાંદડા એકબાજુ કર્યા હતાં. આ બાબતે આરોપી નિલેશ ગુસ્સે થઇ ગયો હતો અને કુહાડા વડે હુમલો કરી નરભેરામને ગંભીર ઇજા પહોંચાડી હતી. બાદમાં ભૂંડી ગાળો બોલી કહ્યું કે, મારી વાડીમાં રહેલાં આ નાળિયેરીના પાંદડા આ નરભેરામ અડે જ કેમ?

નાળિયેરીના પાંદડા રસ્તામાં હોય કે ગમે ત્યાં હોય, અડવા જ નહીં... હજી તો બચી ગયો મારે તો એને જાનથી મારી નાખવો હતો. હું કોઇથી બીતો નથી થાય તે કરી લેજો. તેમ કહી આરોપી નિલેશ અને તેના પત્ની ત્યાંથી જતાં રહ્યાં હતાં. બાદમાં નરભેરામને તાત્કાલિક જોડિયાની સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાઇ હતી. જ્યાંથી વધુ સારવારની જરૂર જણાતાં તેઓને

અનુ પાના નં.૨ પર

# જામનગરના મોટી ખાવડીમાંથી મુન્નાભાઇ એમબીબીએસને ઝડપી લેતી એસઓજી



**સમય સંદેશઃ જામનગર**

જામનગર એસઓજી પોલીસ પેટ્રોલિંગમાં હતા આ દરમિયાન એસઓજી સ્ટાફના વિજયભાઈ કારેણા, જયેશભાઈ પઢેરીયા અને ધર્મેન્દ્રભાઈ વૈષ્ણવને ચોક્કસ બાતમી મળી હતી કે મોટી ખાવડી ગામમાં શુભમ ગેસ્ટ હાઉસની નીચે એક શખ્સ ડિગ્રી વગર ક્લિનિક ચલાવે છે. દરોડો પાડી રૂ. ૪,૭૨૮નો મુદ્દામાલ કર્યો જપ્ત બાતમીના આધારે પોલીસે મોટી ખાવડીના રાજ કોમ્પ્લેક્સ સામે આવેલા શુભમ ગેસ્ટ હાઉસની નીચે ચાલતા ''બિહારી ક્લિનિક'' પર દરોડો પાડ્યો હતો.

તપાસ દરમિયાન ત્યાં હાજર સંજીવ રામલાલ શર્મા નામનો શખ્સ કોઈ પણ માન્ય મેડિકલ ડિગ્રી કે લાયકાત વિના દર્દીઓની તપાસ કરતો અને તેમને એલોપેથીક દવાઓ તેમજ ઇન્જેક્શન આપતો રંગેહાથ ઝડપાયો હતો. પોલીસે સ્થળ પરથી જુદી જુદી કંપનીની એલોપેથીક દવાઓ, સ્ટેથોસ્કોપ અને તબીબી સાધનો સહિત કુલ રૂપિયા ૪,૭૨૮નો મુદ્દામાલ કબજે કર્યો છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com